Memorial Sloan Kettering Cancer Center

દદીર્ અને સંભાળદાતા શિક્ષણ

# FDG PET-MRI સ્કેન વિશે

આ માહિતી તમને પોઝિટ્રોન એમિશન ટોમોગ્રાફી (PET) સાથેના મેગ્નેટિક રેઝોનન્સ ઇમેજિંગ (MRI) સ્કેન માટે તૈયાર થવામાં મદદ કરશે.

ધાતુ અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો કે વસ્તુઓ MRI સ્કેનરના ચુંબકીય ક્ષેત્રમાં તકલીફ ઊભી કરી શકે છે. જો તમારા શરીરમાં કોઈ ધાતુ અથવા ઇલેક્ટ્રોનિક ઉપકરણો કે વસ્તુઓ હોય, તો તમારો MRI કરતી વ્યક્તિને એની જાણ કરો. MRI કરાવવું તમારા માટે સુરક્ષિત ન પણ હોઈ શકે. જો તમારા માટે MRI કરાવવું સુરક્ષિત ન હોય, તો ડૉક્ટર તમારા માટે બીજા કોઈ ટેસ્ટ લખી આપશે.

જો તમારી પાસે આમાંથી કોઈ પણ ઉપકરણ કે વસ્તુ હોય, તો 646-227-2323 પર ફોન કરો:

- પેસમેકર
- ઓટોમેટિક ઇમ્પ્લાન્ટેબલ કાડિર્યોવટર્ર-ડિફિબ્રિલેટર (AICD)
- બરેસ્ટ ટિશ્યુ એક્સપાન્ડર
- એન્યુરીઝમ ક્લિપ

જો તમને MRI વિશે અન્ય કોઈ પરશ્ન હોય, તો તમારા ડૉક્ટરની ઑફિસમાં ફોન કરો.

## PET-MRI સ્કેન વિશે

PET-MRI સ્કેન એ શરીરના અંદરના ભાગોના ફોટા પાડવાની એક પર્કિર્યા છે, જેનો ઉપયોગ નીચેના માટે થાય છે:

- કેન્સરના કોષો શોધવા માટે.
- તમારી સારવારની ગોઠવણ કરવા માટે.
- તમારી સારવાર કેવી ચાલી રહી છે તે જોવા માટે.

તમારા PET સ્કેન વખતે એ જ સમયે તમારા MRIના ફોટા પાડવામા આવશે. MRI એ એક પર્કિર્યા છે, જેમાં તમારા શરીરના અંદરના ભાગોના ફોટા પાડવા માટે શક્તિશાળી ચુંબકીય ક્ષેતરોનો ઉપયોગ કરવામાં આવે છે. MRI દ્વારા લેવામાં આવેલા ફોટાઓને તમારા PET સ્કેન સાથે જોડીને તમારા શરીરના નરમ પેશીઓ અને હાડકાંના ફોટાઓ તૈયાર કરવામાં આવે છે.

મોટાભાગના PET સ્કેન તમારું શરીર ગ્લુકોઝનો કેવી રીતે ઉપયોગ કરે છે, એનો અભ્યાસ કરવા માટે કરવામાં આવે છે. એનું કારણ એ છે કે કેન્સરના કોષો સામાન્ય પેશી કરતાં વધુ ઝડપથી ગ્લુકોઝ શોષી લે છે. ગ્લુકોઝ ઘણા પર્કારના ખોરાક અને પીણાંમાંથી મળે છે, એટલે ખાવા-પીવાની બાબતમા અમુક ચોક્કસ સૂચનાઓનું પાલન કરવું ખુબ જરૂરી છે. આ સૂચનાઓ આ માગર્દશિર્કાના “તમારા PET-MRIના દિવસે શું કરવું” વિભાગમાં આપવામાં આવી છે.

PET-MRIનું ટેબલ સરકતા પાટા પર હોય છે, જે સરકીને મશીનની અંદર જાય છે. આ મશીન લાંબી સુરંગ જેવું હોય છે, જે બંને છેડેથી ખુલ્લું હોય છે. મોટાભાગના PET-MRI સ્કેનમાં લગભગ 30 થી 45 મિનિટ જેટલો સમય લાગે છે.

તમારા સ્કેન દરમિયાન તમારે PET-MRI મશીનની અંદર સ્થિર સૂઈ જવાનું રહેશે. તમારા સ્કેન દરમિયાન મશીનમાંથી મોટા અવાજો આવશે. જો આ તપાસ દરમિયાન તમને બેચેની, ચિંતા અથવા દુખાવો થવાની શક્યતા હોય, અથવા તમને બંધ જગ્યાને લીધે ડર લાગતો હોય, તો તમારા ડૉક્ટર સાથે વાત કરો. તેઓ તમારા PET-MRI દરમિયાન તમને સગવડ પડે એ માટે યોગ્ય ગોઠવણ કરવામાં તમારી મદદ કરશે.

તમારા સ્કેન પહેલાં અથવા સ્કેન વખતે તમને સારું લાગે એ માટે શ્વાસ લેવાની કસરતો પણ કરી શકો. વધુ માહિતી માટે આ માગર્દશિર્કાના “તમારા PET-MRI દરમિયાન આરામ અનુભવવામાં મદદરૂપ કસરતો” વિભાગ વાંચો.

# તમારા PET-MRIના દિવસે તમને મળી શકે તેવી વસ્તુઓ

## ટર્ેસર (સ્કેન દરમિયાન શરીરના કોષો કેવી રીતે કામ કરે છે તે જાણવા માટે આપવામાં આવતી ખાસ દવા)

તમારા PET-MRI પહેલાં તમને એક ખાસ દવા આપવામાં આવશે. આ દવાની મદદથી સ્કેનમાં શરીરના કોષો કેવી રીતે કામ કરે છે તે જોઈ શકાય છે. ટર્ેસર તમારા શરીરના કોષો અને પેશીઓ જે પદાથોર્નો ઉપયોગ કરે છે, તેની સાથે જોડાઈ જાય છે. કેન્સરના કોષો આ પદાથર્નો ઉપયોગ શરીરના સામાન્ય કોષોની જેમ કરતા નથી. આ ખાસ દવાની મદદથી સ્કેનમાં શરીરના કોષો આ પદાથર્નો કેવી રીતે ઉપયોગ કરે છે તે દેખાય છે, જેથી ડૉક્ટરને શરીરમાં થયેલા ફેરફારો સમજવામાં મદદ મળે છે. આ તેમને કેન્સરના કોષો શોધવામાં મદદ કરે છે.

ટર્ેસર તમારા શરીરમાં લાંબો સમય રહેતું નથી. તે મોટાભાગે તમારા પેશાબ દ્વારા તમારા શરીરમાંથી બહાર નીકળી જાય છે.

તમારા હાથની નસમાં મૂકેલી નાની નળી (IV) દ્વારા તમને ટર્ેસર આપવામાં આવશે. જો તમારી પાસે સેન્ટર્લ વેનસ

કેથેટર (CVC) હોય, તો પણ એના દ્વારા ટ્રેસર આપવામાં આવશે નહીં. જો કોઈ કારણોસર તમારા હાથની નસમાં IV મૂકી શકાય એમ ન હોય, તો જ CVC દ્વારા ટ્રેસર આપવામાં આવશે. એનું કારણ એ છે કે જો તમને IV દ્વારા ટ્રેસર આપવામાં આવે, તો PET-MRIના ફોટાઓ વધુ સ્પષ્ટ આવે છે.

તમારા PET-MRI સ્કેન માટે ટ્રેસર તરીકે FDG (ગ્લુકોઝ આધારિત ખાસ ટ્રેસર દવા) વપરાશે.

### કોન્ટ્રાસ્ટ (શરીરના અંદરના ભાગો વધુ સ્પષ્ટ દેખાય તે માટે આપવામાં આવતી ખાસ દવા)

તમારા MRIના દિવસે કદાચ તમારે કોન્ટ્રાસ્ટ લેવું પડી શકે છે. કોન્ટ્રાસ્ટ એ એક ખાસ પ્રકારનો રંગ છે જે તમારા સ્કૅનમાંથી ફોટાઓને સ્પષ્ટ જોવા મદદ કરે છે. MRI સ્કેન વખતે, કોન્ટ્રાસ્ટ તમારા નસોના લોહીમાં ભેગું થાય છે.

જો તમને કોન્ટ્રાસ્ટ આપવામાં આવે, તો તે તમારી નસમાં મૂકેલા કૅથેટર દ્વારા આપવામાં આવશે. તમારી નર્સ તમારા હાથની નસમાં IV લાઈન મુકશે. જો તમને CVC મૂકેલું હોય, તો તમારી નર્સને જણાવો.

જો તમને પહેલાં ક્યારેય MRIમાં આપવામાં આવતી કોન્ટ્રાસ્ટ દવાથી કોઈ તકલીફ કે આડઅસર થઈ હોય, તો તમારા ડૉક્ટર અથવા નર્સને જરૂર જણાવો. ફરીથી એલર્જી ન થાય અથવા તેનું જોખમ ઓછું થાય તે માટે તમને દવા આપવામાં આવી શકે છે. જો તમે આમ કરશો, તો તમને *Preventing An Allergic Reaction to Contrast Dye* (www.mskcc.org/cancer-care/patient-education/preventing-allergic-reaction-contrast-dye) નામની માહિતી મળશે.

કોન્ટ્રાસ્ટ 1 થી 2 દિવસની અંદર તમારા પેશાબ દ્વારા શરીરમાંથી બહાર નીકળી જશે.

### એનેસ્થેસિયા (બેભાન કરવાની દવા)

જો તમને એનેસ્થેસિયા સાથે PET-MRI કરાવવાનું હોય, તો આ માહિતી પુસ્તિકાનો "એનેસ્થેસિયા લેતા લોકો માટે" વિભાગ વાંચો. એમાં તમને એનેસ્થેસિયા સાથેના MRI સ્કેન માટે કેવી રીતે તૈયારી કરવી એની માહિતી આપેલી છે.

## તમારા PET-MRI માટેની તૈયારી

### તમારા શરીર પર લગાવેલાં બધા ઉપકરણો કાઢી નાખો

જો તમે આમાંથી કોઈ ઉપકરણ પહેરો છો, તો તમારે PET-MRI પહેલાં એને ઉતારવું પડી શકે છે:

- શરીર પર ચોંટાડવામાં આવતા દવાના પટ્ટા (મેડિસિન પેચ)
- લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ માપવાનું સાધન (CGM)
- ઇન્સ્યુલિન પંપ

જો તમે તમારું ઉપકરણ બદલવાના હોવ, તો તેને બદલવાની તારીખની આસપાસ જ તમારી એપોઇન્ટમેન્ટ માટે તમારા ડૉક્ટરને વાત કરો. ખાતરી કરો કે તમારી પાસે તમારા PET-MRI પછી લગાવવા માટે વધારાનું ઉપકરણ અથવા મેડિસિન પેચ સાથે હોય.

જો તમારી પાસે કોઈ મેડિકલ ઈમ્પ્લાન્ટ (શરીરની અંદર મૂકેલ ઉપકરણ) કે બીજું કોઈ ઉપકરણ હોય, તો એને મૂકનાર ડૉક્ટર પાસેથી એનું ચોક્કસ નામ અને બનાવનાર કંપનીનું નામ જાણી લો. જો તમારી પાસે આ માહિતી ન હોય, તો તમારું PET-MRI બીજી કોઈ તારીખે કરવું પડી શકે.

### ડાયાબિટીસની સંભાળ

જો તમને ડાયાબિટીસ હોય, તો જેમણે તમને આ ટેસ્ટ કરાવવાની સલાહ આપી હોય, તે ડૉક્ટર સાથે વાત કરો. તમારા PET-MRI પહેલાં દવાઓ કેવી રીતે લેવી અથવા બંધ કરવી, તેની માહિતી તેઓ તમને આપશે.

### સ્તનપાન અને ગભાર્વસ્થા

તમારા ડૉક્ટર તમને પૂછશે કે શું તમે ગભર્વતી છો કે તમને ગભર્ હોવાની શક્યતા લાગે છે. જા તમે ગભર્વતી હોવ, તો તમારા ડૉક્ટર તમને કોન્ટ્રાસ્ટ ન આપવાનો નિણર્ય લઈ શકે છે. જો તમને ગભર્ હોવાની શક્યતા લાગે છે, તો તમારા કન્ટ્રાસ્ટ સાથેના PET-MRI પહેલાં અમે તમારા પેશાબથી ગભાર્વસ્થાની તપાસ કરી શકો છો.

તમારું સ્કેન થઈ જાય પછી 4 કલાક સુધી બાળકને દૂધ ન પીવડાવવું. તે સમય દરમિયાન પણ તમે દૂધ બહાર કાઢી શકો છો.

ત્યારબાદ તમે કાં તો:

- બહાર કાઢેલું દૂધ ફેંકી દો.
- અથવા પંપ કરેલું દૂધ 4 કલાક માટે સાચવી રાખો. ત્યાર પછી તે દૂધ બાળકને આપવા માટે સલામત રહેશે.

એ સમય દરમિયાન, તમે બાળકને ફોમ્યુર્લા (તૈયાર) દૂધ અથવા સ્કેન પહેલાં સ્તનમાંથી કાઢીને રાખેલું દૂધ પીવડાવી શકો છો.

જો તમને કોઈ પર્શ્ન હોય, તો એ વિશે તમારા ડૉક્ટર સાથે વાત કરો. તમે તમારા PET-MRI ના દિવસે રેડિયોલોજિસ્ટ સાથે પણ વાત કરી શકો છો.

## તમારા PET-MRIના આગલા દિવસે શું કરવું

જો તમારા MRI દરમ્યાન તમને એનેસ્થેસિયા આપવામાં આવવાનું હોય, તો ડૉક્ટર તમને ચોક્કસ સૂચનો આપશે. વધુ માહિતી માટે આ માહિતીના “એનેસ્થેસિયા મેળવતા લોકો માટે” વિભાગ વાંચો.

### વધુ શારીરિક શક્તિની જરૂર પડે એવી અને વારંવાર કરવામાં આવતી પર્વૃત્તિઓ

## ટાળો.

તમારા સ્કેનનાં 24 કલાક પહેલાં વધુ શક્તિ માંગી લેતી પ્રવૃત્તિઓ અને વારંવાર હલનચલન કરવાનું ટાળો. એમાં દોડવું, હળવી ગતિએ દોડવું અથવા સાયકલ ચલાવવાનો સમાવેશ થાય છે. આ પ્રવૃત્તિઓ તમારા PET-MRIના ફોટાની ગુણવત્તા ઘટાડી શકે છે.

## તમારા શરીરને ગરમ રાખો.

તમારા સ્કેનના આગલા દિવસે અને સ્કેનના દિવસે તમારા શરીરને ગરમ રાખવું જરુરી છે. જો તમને ઠંડી લાગે, તો તમારા શરીરમાં રહેલી એક ખાસ પ્રકારની ચરબી સક્રિય થઈ જાય છે. એના કારણે તમારા રેડિયોલોજિસ્ટ (સ્કેનના પરિણામો વાંચવામાં નિષ્ણાત ડૉક્ટર) માટે PET-CT સ્કેનને બરોબર રીતે તપાસવું મુશ્કેલ બની શકે છે. તમારા શરીરને ગરમ રાખવાથી આ ચરબી સક્રિય થતી નથી અને તમારા સ્કેનના ફોટાઓ વધુ સ્પષ્ટ આવે છે.

આ સૂચનાઓનું પાલન કરો:

- એવા વિસ્તારો કે જગ્યાઓ ટાળો જ્યાં તમને વધારે ઠંડી લાગી શકે.
- દરેક સમયે તમારા હાથ અને પગ ગરમ રાખો.
- શિયાળામાં, વધુ ગરમ કપડાં પહેરો. ટોપી, સ્કાફ્ર, હાથમોજાં અને વધારાનાં ગરમ કપડાં પહેરો.
- ઉનાળામાં તમારા એર કન્ડિશનરને ખૂબ ઠંડું ચલાવવાનું ટાળો.
- તમારી એપોઇન્ટમેન્ટની તારીખે તમારી સાથે એક સ્વેટર લઈને આવો.

# તમારા PET-MRIના દિવસે શું કરવું

તમારું સ્કેન પૂરું ન થાય ત્યાં સુધી વધુ શક્તિની જરૂર પડે તેવી પ્રવૃત્તિઓ અને વારંવાર એક જ પ્રકારની હલનચલન કરવાનું ટાળો.

જો તમને એનેસ્થેસિયા આપવામાં આવવાનું ન હોય, તો નીચે આપેલી સૂચનાઓનું પાલન કરો. સ્કેન કરાવતા પહેલાં જો આ સૂચનાઓ નહીં પાળો, તો તમારું PET-CT કદાચ રદ પણ થઈ શકે છે.

તમે તમારા સ્કેન માટે પહોંચો તેના 6 કલાક પહેલાં:

- કંઈ પણ ખાવું નહીં.
- ચ્યુઇંગમ ચાવવી નહી અથવા કડક ચોકલેટ, મીન્ટ કે ઉધરસની ગોળીઓ ચૂસવી નહીં.
- તમે ફક્ત પાણી જ પી શકો છો.
- જો તમે દવાઓ લેતા હોવ, તો તેને ફક્ત પાણી સાથે જ લો.

જો તમે એનેસ્થેસિયા લેવાના હોવ, તો આ માહિતીના અંતે આપેલ "એનેસ્થેસિયા લેનાર વ્યક્તિઓ માટે" વિભાગ વાંચો.

## યાદ રાખવાની બાબતો

- તમારી સારવારના દિવસે સવારે, ડૉક્ટરે તમને જે દવા લેવાનું કહ્યું હોય એ જ લો. તેને ફક્ત પાણી સાથે જ લો.
- તમારા MRIનો સમય અને સ્થળ જાણી લો. ખાતરી કરવા માટે તમે પેશન્ટ પોર્ટલ પર ચકાસી શકો છો અથવા તમારા ડૉક્ટરની ઑફિસમાં ફોન કરી શકો છો. કૃપા કરીને પેશન્ટ પોર્ટલ પર તમારી એપોઇન્ટમેન્ટ માટે પહોંચવાનો સમય જોઈ લો.
- જો તમે તમારી ચામડી પર કોઈ દવાની પટ્ટી (પેચ) લગાવતા હોવ, તો તમારી સાથે એક વધારાની પટ્ટી લઈને આવો.
- જરૂર ન હોય તો કિંમતી સામાન ઘરે જ રાખીને આવો. આમાં ક્રેડિટ કાર્ડ અને ઘરેણાંનો સમાવેશ થાય છે.ઘરેણાંને લીધે તમારા સ્કેનના ચિત્રો વાંચવા વધુ મુશ્કેલ બની શકે છે.સ્કેન કરતી વખતે અમુક ધાતુઓ ગરમ થઈને તમારી ત્વચા બાળી શકે છે. જો તમે તમારા સ્કેનના એક દિવસ પહેલાં તમારા ઘરેણાં ઉતારી શકો એમ ન હોય, તો તમારી સંભાળ રાખનાર ટીમના સભ્યને એ વિશે જણાવો.
- MRI દરમિયાન તમને ગભરામણ ન થાય અથવા તમે શાંત રહી શકો તે માટે તમને દવા આપવામાં આવી શકે છે. જો તમે દવા લેવાના હો, તો MRI કરાવવાના 30 થી 60 મિનિટ પહેલાં લઈ લેવી.
- જો તમે ધાતુ ધરાવતી નેઇલ પોલિશ લગાવી હોય, તો તમે જ્યારે ચેક-ઇન કરો ત્યારે રેડિયોલોજી સ્ટાફના સભ્યને એ વિશે જણાવો. કારણ કે નેઇલ પોલિશમાં રહેલા ધાતુના લીધે સ્કેનના ફોટા સ્પષ્ટ દેખાવામાં મુશ્કેલી પડી શકે. સ્કેન દરમિયાન તમારે તમારા હાથને અલગ સ્થિતિમાં રાખવાની જરૂર પડશે.

# હોસ્પિટલ પહોંચ્યા પછી

ઘણા સ્ટાફ સભ્યો તમને તમારું નામ અને જન્મ તારીખ લખાવવા માટે કહેશે. એ તમારી સલામતી માટે છે. સરખાં નામ ધરાવતા લોકોની એ જ દિવસે સારવાર થવાની શક્યતા છે. એકવાર તમે વિભાગમાં પહોંચો, પછી તમારે એક નાનું ફોર્મ ભરવાનું રહેશે.

તમારા બ્લડ સુગર માપવા માટે તમારી સારવાર ટીમ તમારી આંગળી પર ટાંકણી ભોંકશે અથવા તમારા હાથમાંથી લોહી લેશે. તમારા બ્લડ સુગરનું પ્રમાણ 70 મિલીગ્રામ પ્રતિ ડેસિલીટર (mg/dL) થી 199 mg/dL ની વચ્ચે હોવું જરૂરી છે.

જો તમારા બ્લડ સુગરનું પ્રમાણ 200 mg/dL કે તેથી વધુ હોય, તો તમારે ઇન્સ્યુલિન લેવું પડી શકે છે. જો તમારું સુગર 200 થી વધારે કે 70 થી ઓછું હોય, તો તમારા સ્કેનની તારીખ બદલવી પડી શકે છે.

સારવાર ટીમ તમારી નસમાં ટ્રેસર ઇન્જેક્શન મુકશે. શરીરમાં ટ્રેસર દવા યોગ્ય રીતે ભળી જાય તે માટે તમારે

લગભગ 60 મિનિટ બેસી રહેવું પડશે. આમાં કેટલો સમય લાગશે તેનો આધાર તમારા શરીરના કયા ભાગનો સ્કેન થઈ રહ્યો છે તેના પર રહેશે. તમને આ સમયે પીવા માટે કોન્ટ્રાસ્ટ (ડાય) પણ આપવામાં આવશે.

આ સમય દરમિયાન આરામ કરવાનો પ્રયાસ કરો અને હલનચલન ઓછું કરો. તમે રાહ જોતી વખતે ઊંઘી શકો છો, વાંચી શકો છો, સંગીત સાંભળી શકો છો અથવા વીડિયો જોઈ શકો છો. જો તમને ઠંડી લાગે, તો ધાબળો માંગો.

તમારા સ્કેન પહેલાં જ તમારી સારવાર ટીમ તમને પેશાબ કરવા માટે કહેશે.

## MRI સ્કેન રૂમમાં પ્રવેશ કરતી વખતે

જ્યારે તમારા PET-MRIનો સમય થશે, ત્યારે જો તમે સાંભળવાનું મશીન, ચશ્મા કે ચોકઠું પહેયુરં હોય, તો તે કાઢી લેવાનું રહેશે. તમારા કપડાં અને તમારી બધી વસ્તુઓ (ફોન, દાગીના, સિક્કા, ચશ્માં, બેગ) સુરક્ષિત લોકરમાં મુકો. ધાતુનો નાનો ટુકડો પણ ચુંબક તરફ ઝડપથી ખેંચાઈ શકે છે. જરૂર ન હોય તો કોઈપણ કિંમતી સામાન ઘરે જ રાખીને આવવું.

તમે જાતે રૂમમાં ચાલીને જઈ શકો અથવા સ્ટાફનો કોઈ સભ્ય તમને સ્ટ્રેચર પર ત્યાં લઈ જશે.

## MRI રૂમની અંદર પહોંચ્યા પછી

તમારી સારવાર ટીમનો એક સભ્ય તમને MRI ટેબલ પર સુવામાં મદદ કરશે. તમારા શરીરના જે ભાગનો સ્કેન કરવાનો છે તેના પર ટેકનિશિયન એક ફ્રેમ અથવા ગાદીવાળું કવર મૂકશે. તેમાં કોઈલ્સ (ફોટા પાડવામા મદદ કરતા ખાસ સાધનો) હોય છે જે તમારા સ્કેન દરમિયાન તમારા શરીરના ફોટા લે છે. તમારા ડૉક્ટર તમારી સારવારની યોજના બનાવવા માટે આ ફોટાઓનો ઉપયોગ કરશે.

સ્કેન દરમિયાન મશીનમાંથી મોટા અવાજો આવશે. તમારા ટેકનિશિયન તમારા કાનના રક્ષણ માટે તમને કાનના બૂચ અથવા સંગીત સાંભળવા માટે હેડફોન આપશે. જો તમને અવાજથી વધારે તકલીફ થતી હોય, તો તમે બંને વસ્તુઓ માટે પણ કહી શકો છો. જો તમે શરીર પર કોઈ ઉપકરણ પહેયુરં હોય અને એને પહેલેથી કાઢ્યું ન હોય તો તમારે એ કાઢી નાખવું પડશે.

એકવાર તમે MRI ટેબલ પર આરામદાયક રીતે સૂઈ જાઓ, પછી તમારા ટેકનિશિયન ટેબલને મશીનના ચુંબકીય ભાગમાં અંદરની તરફ સરકાવશે. તેઓ સ્કેન શરૂ કરશે. સ્કેન દરમિયાન તમારા શરીરનો મોટાભાગનો ભાગ ટનલની અંદર રહેશે. સ્કેન દરમિયાન તમે તમારા ટેક્નોલોજિસ્ટ સાથે વાત કરી શકશો.

સ્કેન દરમિયાન તમે સ્થિર રહો અને સામાન્ય રીતે શ્વાસ લો, તે ખૂબ જ જરુરી છે. તમે શ્વાસ લેવાની કસરતો કરી શકો જેથી તમને થોડો આરામ લાગે. **યાદ રાખો, સ્કેન દરમિયાન ઊંડા શ્વાસ લેવાની કસરત કરશો નહીં.** તેના કારણે તમારા શરીરમાં વધુ હલનચલન થઈ શકે છે.

મોટાભાગના MRI સ્કેનમાં 30 થી 45 મિનિટનો સમય લાગે છે.

# તમારા PET-MRI પછી શું કરવું

તમારું PET-MRI પૂર્ણ થયા પછી, તમને ટેબલ પરથી ઊતરવામાં મદદ કરવામાં આવશે. તમારો સામાન લીધા પછી તમે જઈ શકો છો. તમારા PET-MRI પછી કોઈ નિયંત્રણો નથી. કોઈ ખાસ સંભાળની જરૂર નથી.

તમારું સ્કેન પૂરું થતાં જ તમે જઈ શકો છો, સિવાય કે તમારા અન્ય કોઈ ટેસ્ટ અથવા પ્રક્રિયા ગોઠવેલું હોય. તમને એક કાર્ડ આપવામાં આવશે જેમાં લખેલું હશે કે તમે રેડિયોએક્ટિવ ટ્રેસર સાથે ટેસ્ટ કરાવ્યો છે અને તેમાં તમારા ટેસ્ટની તારીખ પણ હશે. આ કાર્ડ તમારી પાસે રાખો, કારણ કે સ્કેનમાં આપવામાં આવેલી ખાસ દવાને કારણે થોડા સમય સુધી શરીરમાં રહેલી અસરને કેટલીક સુરક્ષા મશીનો ઓળખી શકે છે. આમાં એક દિવસ કરતાં પણ ઓછો સમય લાગવો જોઈએ.

18 વર્ષથી વધુ ઉંમરના લોકો અને જે મહિલાઓ ગર્ભવતી નથી તેમની આસપાસ રહેવું સુરક્ષિત છે. તમે બીજા લોકોની નજીક સમય વિતાવી શકો છો, તેમને ચુંબન કરી શકો છો, ભેટી શકો છો, પકડી શકો છો અને સ્પર્શ કરી શકો છો.

સ્કેન પછી 1 કલાક સુધી:

- ગર્ભવતી મહિલા કે 18 વર્ષથી નાની ઉંમરના કોઈ પણ બાળક સાથે શારીરિક સ્પર્શ ન કરો અથવા તેમને પકડીને ન રાખો.
- ગર્ભવતી મહિલા કે 18 વર્ષથી નાની ઉંમરના કોઈ પણ બાળક સાથે એક જ પથારીમાં સૂઈ જશો નહીં.

યાદ રાખો, સ્કેન પછી પૂરતા પ્રમાણમાં પ્રવાહી પીતા રહો. તમારા શરીરમાંથી ટ્રેસરને બહાર નીકળવામાં મદદ કરવા માટે બાકીના આખા દિવસ દરમિયાન પાણી અને અન્ય પ્રવાહી પીતા રહો. જ્યાં સુધી તમને અન્ય સૂચનાઓ આપવામાં ન આવે, ત્યાં સુધી તમે તરત જ તમારા સામાન્ય આહાર પર પાછા જઈ શકો છો.

જો તમને કોન્ટ્રાસ્ટ આપવામાં આવ્યું હોય, તો તે 24 કલાકની અંદર પેશાબ દ્વારા તમારા શરીરમાંથી બહાર નીકળી જશે.

## When to call your care team

Watch the insertion site (where the IV went into your body) for 48 hours (2 days) after your scan. Call your care team if you notice any changes in the area, such as:

- Pain or a burning feeling
- Redness or other skin color changes
- Swelling

- Broken skin
- Blisters or liquid draining
- Numbness, tingling, or other changes in sensation (feeling)
- Warm or hot skin

You do not need to do this if you got the tracer through your CVC.

## તમારા PET-MRIના પરિણામો મેળવવા વિશે

રેડિયોલોજિસ્ટ તમારો સ્કેન રિપોર્ટ વાંચશે અને તેના પરિણામો તમારા ડૉક્ટરને મોકલશે. જો તમારો PET-MRI કેન્સરના કોષો શોધવા માટે કરવામાં આવ્યો હોય, તો તમારા ડૉક્ટરને 2 કામકાજના દિવસોમાં તમારા પરિણામો મળી જવા જોઈએ. તમારા ડૉક્ટરને પૂછી લો કે તેઓ તમને આ રિપોર્ટ કઈ રીતે આપશે. જો તમારું PET-MRI તમારી સારવારનું આયોજન કરવા માટે કરવામાં આવ્યું હોય, તો તમારા ડૉક્ટર તમારી સંભાળની યોજના બનાવવા માટે આ ચિત્રોનો ઉપયોગ કરશે.

# એનેસ્થેસિયા મેળવતા લોકો માટે

જો તમારા PET-MRI દરમિયાન તમને એનેસ્થેસિયા આપવાના હોય, તો આ સૂચનાઓનું પાલન કરો.

## તમારા PET-MRI ના આગલા દિવસે શું કરવું

## કોઈ તમને ઘરે લઈ જાય તે માટેની વ્યવસ્થા કરવી

ઓપરેશન પછી તમને ઘરે લઈ જવા માટે તમારી સારવાર કરનાર જવાબદાર વ્યક્તિ હોવો આવશ્યક છે. સારવાર કરનાર જવાબદાર વ્યક્તિ તે છે જે તમને સલામત રીતે ઘરે પહોંચવામાં મદદ કરી શકે છે. જો તેમને કોઈ ચિંતા હોય તો તેઓ તમારી સારવાર ટીમનો સંપર્ક કરવા માટે સમર્થ હોવા જોઈએ. તમારા ઓપરેશનના દિવસ પહેલાં તેનું આયોજન કરવાની ખાતરી કરો.

જો તમારી પાસે ઘરે લઈ જવા માટે સારવાર કરનાર જવાબદાર વ્યક્તિ ન હોય, તો નીચેની કોઈ એક એજન્સીનો સંપર્ક કરો. તેઓ તમારી સાથે ઘરે જવા માટે કોઈને મોકલશે. આ સેવા માટે શુલ્ક છે અને તમારે પરિવહન પૂરું પાડવું પડશે. ટેક્સી અથવા કાર સેવાનો ઉપયોગ કરવો એ બરાબર છે, પરંતુ તમારે હજી પણ તમારી સારવાર કરનાર જવાબદાર વ્યક્તિની જરૂર છે.

| ન્યૂ યોર્કમાં એજન્સીઓ | ન્યૂ જર્સીમાં એજન્સીઓ |
|---|---|
| વીએનએસ (VNS) સ્વાસ્થ્ય: 888-735-8913 | સંભાળ રાખનારા લોકોના સંપર્ક નં.: 877-227-4649 |
| સંભાળ રાખનારા લોકોના સંપર્ક નં.: 877-227-4649 | |

### ખાવા-પીવા માટેની સૂચનાઓ

**મહત્વપૂણર:** જો તમે વજન ઘટાડવા માટે GLP-1 દવા લો છો, તો આ સૂચનાઓનું પાલન કરશો નહીં. તેના બદલે *Eating and Drinking Before Your Surgery or Procedure When Taking GLP-1 Medicines* (www.mskcc.org/cancer-care/patient-education/eating-and-drinking-before-your-surgery-or-procedure-when-taking-glp-1-medicines) માં આપેલી સૂચનાઓનું પાલન કરો.



**તમારી શસ્તરક્રિયા અથવા પર્ક્રિયા પહેલાંની રાતરે, મધ્યરાતિર્એ (12 વાગ્યે) ખાવાનું બંધ કરો.** આમાં કઠણ કેન્ડી અને ચ્યુઇંગમનો સમાવેશ થાય છે.

તમારા આરોગ્યસંભાળ પર્દાતાએ તમને ક્યારે ખાવાનું બંધ કરવું તે અંગે વિવિધ સૂચનાઓ આપી હશે. જો એમ હોય તો, તેમની સૂચનાઓનું પાલન કરો. કેટલાક લોકોને શસ્તરક્રિયા અથવા પર્ક્રિયા પહેલાં લાંબા સમય સુધી ઉપવાસ કરવાની (ભૂખ્યા રહેવાની) જરૂર પડે છે.

# તમારા PET-MRIના દિવસે શું કરવું

## ખાવા-પીવા માટેની સૂચનાઓ

**મહત્વપૂણર:** જો તમે GLP-1 દવા લો છો, તો આ સૂચનાઓનું પાલન કરશો નહીં. તેના બદલે *Eating and Drinking Before Your Surgery or Procedure When Taking GLP-1 Medicines* (www.mskcc.org/cancer-care/patient-education/eating-and-drinking-before-your-surgery-or-procedure-when-taking-glp-1-medicines) માં આપેલી સૂચનાઓનું પાલન કરો.

**મધરાત (રાતરે 12 વાગ્યાથી) તમારા આગમન સમયના 2 કલાક પહેલાં સુધી, નીચે દશાર્વેલા પર્વાહી જ પીવો. બીજું કંઈ ખાવું કે પીવું નહીં.** તમારા આગમનના સમયના 2 કલાક પહેલાં પીવાનું બંધ કરો.

- પાણી.
- સ્વચ્છત સફરજનનો રસ, સ્વચ્છત દર્ાક્ષનો રસ અથવા સ્વચ્છત કર્ેનબેરીનો રસ.
- ગેટોરેડ અથવા પાવરેડ.
- બ્લેક કોફી કે સાદી ચા. ખાંડ ઉમેરવી ઠીક છે. બીજું કશું ઉમેરશો નહીં.
  - કોઈપણ પર્કારનું દૂધ અથવા કર્ીમર કોઈપણ માતર્ામાં ઉમેરશો નહીં. જેમાં છોડ આધારિત દૂધ અને કર્ીમરનો સમાવેશ થાય છે.
  - ફ્લેવરવાળા સીરપ ઉમેરશો નહીં.

જો તમને ડાયાબિટીસ છે, તો તમારા પીણામાં ખાંડની માતર્ા પર ધ્યાન આપો. જો તમે આ પીણાંમાં શુગર-ફર્ી, ઓછી ખાંડવાળા અથવા ખાંડ વગરના વઝર્નનો સમાવેશ કરો છો, તો તમારા લોહીમાં ખાંડના લેવલને કાબૂમાં રાખવું સરળ બને છે.

સજર્રી અને અન્ય પર્ક્રિયાઓ પહેલાં શરીરને હાઇડર્ેટ રાખવું લાભદાયક છે, એટલે તરસ લાગે તો પાણી પીવો. તમારી જરૂરિયાત કરતા વધારે પીવું નહીં. તમારી સજર્રી અથવા પર્ક્રિયા દરમિયાન તમને નસ દ્વારા (IV) પર્વાહી આપવામાં આવશે.



**તમારા આગમન સમયના 2 કલાક પહેલાં પીવાનું બંધ કરો.** આમાં પાણી પણ સામેલ છે.

તમારા આરોગ્યસંભાળ પર્દાતાએ તમને ક્યારે પીવાનું બંધ કરવું તે અંગે વિવિધ સૂચનાઓ આપી હશે. જો એમ હોય તો, તેમની સૂચનાઓનું પાલન કરો.

# સંપકર્ની માહિતી

જો તમને કોઈ પર્શ્નો અથવા ચિંતાઓ હોય, તો મોલેક્યુલર ઇમેજિંગ એન્ડ થેરાપી સવિર્સ (MITS, અથવા ન્યુક્લિયર મેડિસિન સવિર્સ) પર 212-639-6652 પર કૉલ કરો. તમે સોમવારથી શુક્ર્વાર સવારે 9:00 વાગ્યાથી સાંજે 5:00 વાગ્યા સુધી સ્ટાફના સભ્યનો સંપકર્ કરી શકો છો. સાંજે 5:00 વાગ્યા પછી, શનિ-રવિ અને જાહેર રજાઓના દિવસે 212-639-2000 પર કૉલ કરો.

# તમારા MRI દરમિયાન રિલેક્સ રહેવા મદદ કરતી કસરતો

વધારે રિલેક્સ રહેવા તમે સ્કેન પહેલાં અથવા સ્કેન દરમિયાન શ્વાસ લેવાની કસરતોનો ઉપયોગ કરી શકો છો. ઓછામાં ઓછી અથવા બિલકુલ હલનચલન ન કરતી કસરતો, જેમ કે ધીમે ધીમે શ્વાસ લેવાની અને છોડવાની કસરત, તમારા સ્કેન દરમિયાન કરવી સુરક્ષિત છે. અન્ય કસરતો, જેમ કે ઊંડા શ્વાસ લેવાની કસરત, શરીરમાં વધુ હલનચલન કરાવે છે અને તે સ્કેન દરમિયાન કરવી જોઈએ નહી.

## ઊંડા શ્વાસ લેવાની કસરતો તમારા PET-MRI પહેલાં જ કરવી જોઈએ.

**તમારા MRI દરમિયાન ઊંડા શ્વાસ લેવાની કસરત કરશો નહી.** એનાથી તમે PET-MRI મશીનમાં હોવ ત્યારે તે તમારા શરીરમાં વધુ પડતી હલનચલન કરાવી શકે છે.

તમે નીચે આપેલા પગલાં અનુસરીને ઊંડા શ્વાસ લેવાની કસરતનો અભ્યાસ કરી શકો છો:

1. તમારો એક હાથ તમારા પેટ પર, નાભિથી થોડો ઉપર રાખો. જો તમે જમણા હાથવાળા હો, તો તમારા જમણા હાથનો ઉપયોગ કરો. જો તમે ડાબા હાથવાળા હો, તો તમારા ડાબા હાથનો ઉપયોગ કરો.
2. તમારા મોં દ્વારા સંપૂણર્પણે શ્વાસ બહાર કાઢો.
3. જો શક્ય હોય, તો તમારી આંખો બંધ કરો અને તમારા નાક દ્વારા ધીમે અને ઊંડો શ્વાસ લો. તમારા હાથ પર તમારા પેટને ઉપરની તરફ ધકેલાતું અનુભવો. કલ્પના કરો કે હવા તમારા આખા શરીરને નીચેથી ઉપરની તરફ ભરાઈ રહી છે.
4. થોડી સેકંડ માટે થોભો. પછી, તમારા મોં અથવા નાક દ્વારા ધીમે ધીમે શ્વાસ બહાર કાઢો. સંપૂણર્પણે શ્વાસ

બહાર કાઢવાનો પ્રયાસ કરો અને કલ્પના કરો કે હવા તમારા ફેફસાં, મોં અથવા નાકમાંથી બહાર નીકળી રહી છે.

5. જ્યારે તમે શ્વાસ બહાર કાઢો, ત્યારે તમારા શરીરને આરામ કરવા દો અને ઢીલું પડી જવા દો—જેમ કે કપડાની ઢીંગલી હોય.

આ કસરત 5 થી 10 વખત રીપીટ કરો.

## તમારા PET-MRI પહેલાં અથવા દરમિયાન ઉપયોગ કરવા માટે આરામની કસરતો

ક્લોસ્ટ્રોફોબિયા (બંધ જગ્યાનો ડર), ચિંતા અથવા બંનેમાં મદદ કરવા માટે તમારા PET-MRI પહેલાં તમે કરી શકો તેવી કેટલીક બાબતો અહી આપવામાં આવી છે.

- *Acupressure for Stress and Anxiety* (www.mskcc.org/cancer-care/patient-education/acupressure-stress-and-anxiety)
- *બોડી સ્કેન મેડિટેશન* (www.msk.org/body-scan)
- *પ્રક્રિયાઓ માટે તૈયારી કરવા માટેની શ્વાસ લેવાની કસરતો* (www.msk.org/breathing-for-procedures)
- *તબીબી સ્કેન અને પ્રક્રિયાઓ અંગેની ચિંતા કેવી રીતે ઓછી કરવી*(www.msk.org/managing-anxiety-procedures)
- *ગાઇડેડ ઇમેજરી મેડો મેડિટેશન*(www.msk.org/guided-imagery-meadow)
- *ગાઇડેડ ઇમેજરી મેડિટેશન ટુ પ્રમોટ કમ્ફર્ટ એન્ડ વેલનેસ* (www.msk.org/guided-imagery-comfort)
- *Managing Anxiety* (www.mskcc.org/cancer-care/patient-education/managing-anxiety)
- *Managing Scanxiety During Your Cancer Treatment* (www.mskcc.org/cancer-care/patient-education/managing-scanxiety-during-your-cancer-treatment)
- *માઇન્ડફુલ બ્રિધીંગ મેડિટેશન*(www.msk.org/mindful-breathing)
- *માઇન્ડફુલ મૂવમેન્ટ મેડિટેશન*(www.msk.org/mindful-movement)
- *Relaxation Exercises to Practice Before and During Your MRI* (www.mskcc.org/cancer-care/patient-education/video/relaxation-exercises-practice-and-during-your-mri)

વધુ રિસોસર્ માટે, અમારી વચ્યુર્અલ લાઈબ્રેરી www.mskcc.org/peની મુલાકાત કરો


તમામ અધિકાર અને માલિકી હક મેમોરિયલ સ્લોન કેટરિંગ કેન્સર સેન્ટર દ્વારા આરક્ષિત છે